ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC
BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY
GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૬/૪/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## <u>અખબારી યાદી</u>

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વરની તળેટી પર સૂર્યાસ્ત સમયે ચંદ્રગ્રહણને ટેલીસ્કોપ દ્વારા નિહાળવાનો કાર્યક્રમ યોજાયો.**

તા.૪ એપ્રિલ શનિવારના રોજ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના નભમંડળમાં રચાયેલ. આ રોમાંચક ખગોળીય ઘટનાને જનસમુદાય સુધી પહોંચાડવાના આશયથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **<u>તા.૪ એપ્રિલને શનિવારના રોજ સાંજના ૬:૫૯ કલાકથી તખ્તેશ્વર મંદિર, ભાવનગર</u>** ખાતે ટેલિસ્કોપ દ્વારા આ અનેરા અવસરને નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ ખગોળદર્શનના કાર્યક્રમમાં પ્રો.સુભાષભાઈ મહેતાએ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટનાની વિશેષ જાણકારી આપીને ગ્રહણ વિશેની ભ્રામક માન્યતાને લોકમાનસમાંથી દૂર કરવા ઉદાહરણ સાથે સમજાવેલ. વાદળછાયા વાતાવરણને કારણે ગ્રહણને ગ્રહણ લાગતાં ભાવનગરની ખગોળપ્રેમી જનતા આ અલૌકિક નજારાને ન નિહાળી શકવાના કારણે હતાશ થયેલ, પરંતુ તેના વિકલ્પ રૂપે ચંદ્રગ્રહણનો સમયપૂર્ણ થયા બાદ ટેલિસ્કોપ દ્વારા **<u>RED MOON</u>** ને નિહાળીને લોકો આનંદિત થયેલ. આ ઉપરાંત બહ્માંડને માત્ર ટેલિસ્કોપ દ્વારા જ નહિ પરંતુ મોબાઈલ દ્વારા આધુનિક ટેકનોલોજીથી કંઈ રીતે નિહાળી શકાય તેની સમજૂતિ સંસ્થાના સાયન્સ કોમ્યુનિકેટર હર્ષદ જોષીએ આપેલ.

આ અવકાશી નજારાને નિહાળવાના સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

પ્રી.પ્રી.ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.